
# એનિમેટર

એનિમેટર એ મલ્ટીમીડિયા કલાકાર છે જે ડિઝાઇન અથવા મોડેલ બનાવે છે જે ક્રમબદ્ધ રીતે, હલન-ચલન કે ગતિને પ્રસ્તુત કરે કરે છે, વાર્તા રજૂ કરે છે અથવા માહિતી પ્રદાન કરે છે. એનિમેશનમાં એવી તકનીકોનો સમાવેશ થાય છે કે જેમાં ફિલ્મને એક ક્રમમાં દર્શાવવામાં આવે ત્યારે ચિત્રોને ક્રમશઃ એવી રીતે પ્રસ્તુત કરવામાં આવે છે કે જેથી હલનચલન કે ગતિનો ભ્રમ ઉભો થાય છે. તે વિવિધ સ્થિતિમાં રજૂ કરવામાં આવતી કઠપૂતળીઓ અથવા મોડેલોની એક ક્રમિક શ્રેણી પણ હોઈ શકે છે. એનિમેટર્સ ગ્રાફિક્સ પણ તૈયાર કરે છે અને સ્ટોરીબોર્ડ, રેખાંકનો અને ઇલસ્ટ્રેશન પણ વિકસાવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો અને દ્રશ્યોની કલ્પના કરી શકો છે
- તમને દોરવાનું કે રેખાંકનો કરવાનું ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમને કમ્પ્યુટર પર કામ કરવાની મજા આવે છે



આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એનિમેશન વિષય સાથે ડિઝાઇનમાં (બી.ડિઝાઈન) / સાયન્સ (BSc.)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, એનિમેશન વિષય સાથે ડિઝાઇનમાં (એમ.ડિઝાઈન) / વિજ્ઞાન (MSc.)ની અનુસ્નાતક ડિગ્રી મેળવો.

**અથવા**

ફાઇન આર્ટસ (BFA)માં સ્નાતકની ડિગ્રી પછી એનિમેશનમાં ડિપ્લોમા/સર્ટિફિકેટ કોર્સ અથવા એનિમેશન અને મલ્ટીમીડિયામાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એનિમેટરનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૫,૦૦૦ થી ૮૩,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત : https://www.payscale.com/research/IN/Job=Animator/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** એનિમેશન અને વી.એફ.એક્સ સ્ટુડિયો, ક્રિએટિવ એજન્સીઓ, ગેમિંગ કંપનીઓ, મીડિયા કંપનીઓ, ફ્રીલાન્સિંગ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ટેકનોલોજીથી સજ્જ એવી ઓફિસ અથવા સ્ટુડિયોમાં કામ કરી શકો છો. ઘરેથી કામ કરવાની અનુકૂળતા ઉપલબ્ધ હોય શકે છે. કેટલીક વખત કામના કલાકો લવચીક હોઈ શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

એનિમેટર → સિનિયર એનિમેટર → એનિમેશન ટીમ લીડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એનિમેશન, 3D એનિમેશન, ફ્લેશ ડિઝાઈનિંગ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ એનિમેશન અને ડિઝાઈન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન (એન.આઈ.ડી.), અમદાવાદ
૨. ઉત્કલ યુનિવર્સિટી ઓફ કલ્ચર, ભુવનેશ્વર
૩. સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, કોકરાઝાર
૪. રાજસ્થાન આઈ.એલ.ડી. સ્કિલ યુનિવર્સિટી, જયપુર
૫. ઔદ્યોગિક ડિઝાઈન કેન્દ્ર, આઈ.આઈ.ટી. બોમ્બે, મુંબઈ
૬. એમ.એસ.યુ., વડોદરા
૭. આર્ટેમિશિયા કોલેજ ઓફ આર્ટ એન્ડ ડિઝાઈન, ઈન્દોર
૮. સેન્ટ જોસેફ કોલેજ, બેંગલુરૂ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એચ.બી.આઈ.સી.એમ., અમદાવાદ
૨. માયા એકેડેમી ઓફ એડવાન્સ્ડ સિનેમેટિક્સ
૩. એરેના મલ્ટીમીડિયા (બહુવિધ સ્થાનો)
૪. આઈ.આઈ.એફ.એ. મલ્ટીમીડિયા, બેંગલુરૂ
૫. ચંદીગઢ યુનિવર્સિટી, હરિયાણા
૬. યુકેએ તરસાડીયા યુનિવર્સિટી, બારડોલી
૭. એમિટી યુનિવર્સિટી (બહુવિધ સ્થાનો)
૮. સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, પુણે

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/cec20_cs08/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**રામ મોહન** એક ભારતીય એનિમેટર છે જે ભારતીય એનિમેશનના પિતા તરીકે જાણીતા છે. તેમણે ૧૯૫૬માં ભારતના ફિલ્મ્સ વિભાગના કાર્ટૂન ફિલ્મ્સ યુનિટમાં તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ મુંબઈ સ્થિત એનિમેશન કંપની, ગ્રેફિટી મલ્ટીમીડિયાના અધ્યક્ષ અને ચીફ ક્રિએટીવ ઓફિસર છે. તેમણે ૨૦૦૬માં ગ્રેફિટી સ્કૂલ ઓફ એનિમેશનની પણ સ્થાપના કરી. ભારતીય ટેલિવિઝન માટે તેમની કેટલીક નોંધપાત્ર કૃતિઓમાં એનિમેટેડ ટૂંકી ફિલ્મ બાપ રે બાપ, રામાયણ-ધ લેજન્ડ ઑફ પ્રિન્સ રામ અને એનિમેટેડ ટીવી શ્રેણી- મીનાનો સમાવેશ થાય છે. તેમણે ૨૦૧૪માં પદ્મશ્રી સહિત અનેક પુરસ્કારો જીત્યા હતા.*

સ્રોત : https://indiaeducation.net/5-talented-indian-animators-to-get-inspiration-from/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.